Barcode : 99999990836006
Title - Dayanand saraswati ane aravind ghosh
Author -
Language - gujarati
Pages - 18
Publication Year - 0
Barcode EAN.UCC-13
9 999999 083600

ઓ૩મ્

# શ્રીમદ્દયાનંદ સરસ્વતી

અને

# શ્રીયુત અરવિંદ ઘોષ.

---

વૈદિક મેગેન્ઝીનમાં આવેલ ઇગ્રેજી લેખનું ગનસિં
દીપસિંહ પરમાર પાસે ભાષાંતર કરાવી રા. રા
પુરૂષોત્તમ ભવાનીશંકર વ્યાસની મદદથી
છપાવી પ્રસિદ્ધ કરનાર
અમદાવાદ આર્યસમાજ, ગોલવાડ, ખાડિયા તરફથી,

**મંત્રી છોટાલાલ હરિલાલ.**

અમદાવાદ

---

| વિક્રમ સવત | આર્ય સવત | દયાનંદાબ્દ. |
| --- | --- | --- |
| ૧૯૭૧ | ૧૯૭૨૯૪૯૦૧ | ૩૧ |

---

પ્રથમાવૃત્તિ. પ્રત ૨૦૦૦

---

કિંમત ૦-૦-૩

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
ર . પાદ
ગુજરાત કૉપીરાઈટ સંગ્રહ
૫૮૨

અમદાવાદ.

ટકશાળમા ધી યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કપની લિમિટેડમા
મોતીલાલ શામળદાસે છાપી.

गूजरात विद्यापीठ ग्रंथालय

[ गुजराती कॉपीराइट विभाग ]

अनुक्रमांक ૫૮-૦૨ वर्गांक

पुस्तकनु नाम દયાનંદ સરસ્વતી

विषय પરિચય ૩૩

# ओ३म
# શ્રીમદ્દયાનંદસરસ્વતી અને શ્રીયુત અરવિંદ ઘોષ.

ભારતવર્ષના પુનરુદ્ધારકોના શિરોમણિ તરિકે આપણા વંશજોને જે ઘણી સુપ્રસિદ્ધ વ્યક્તિઓ જણાશે તેમા એક તો ખાસ જુદીજ ઉભી રહેલી દેખાશે. તેનું સ્વરૂપ પણ બીજાઓથી પ્રથક જણાશે અને તેનું કાર્ય પણ તેમનાથી ભિન્ન જણાશે. આ ભારતોદ્ધારકોના દર્શન કરવા એ કોઇક નાની તો કોઇક મોટી પરંતુ સર્વ એકસરખી રીતે સુંદર, સુરમ્ય અને હરિયાળી એવી ડુંગરીઓની હારમાલામા દીર્ઘ-કાળપર્યંત પરિભ્રમણ કરવા સમાન છે. પરંતુ તે સર્વની વચ્ચે એક શ્વેત અને સુદૃઢ સગેમરમરની ડુંગરી તો પોતાનાજ બળથી જુદી ઉભેલી છે. તેના શિખરપર સુંદર હરિયાળી લિલોતરી આવી રહી છે, એક ફુલવૃક્ષ આકાશ સાથે વાતચીત કરી રહ્યું છે અને તે પરથી શુદ્ધ, આરોગ્યદાયક તથા જમીનને ફળદ્રુપ કરનારા જલનો એક મહાન ઘોષ નીકળીને ખીણમા આવેલા પ્રદેશને જીવન તથા આરોગ્ય અર્પણ કરી રહ્યો છે. દયાનંદના જીવને મારા મગજપર આવી છાપ પાડી છે.

કાઠિયાવાડની ભૂમીએ આ જગદુદ્ધારક તથા નવીનકર્મ-

કારને જન્મ આપ્યો છે, અને તે વિલક્ષણ ભૂમીની પ્રકૃતિ અને આત્માનો કાંઇક અંશ–ગીરનાર પર્વત તથા ઇતર ખડકો અને ડુંગરીઓનો કાંઇક અંશ તે પ્રદેશના કાંઠા સાથે અથડાતા સમુદ્રના કલરવ અને દૃઢતાનો કાંઇક અંશ–નિસર્ગના સુકુમાર અને શુદ્ધ પદાર્થની બનેલી જણાતી કાઠિયાવાડી જાતિ–શરીરે સુંદર અને સુદૃઢ, તારૂણ્યના તાજા બળવાળી, અને અવિકસિત દશામાં જડ જેવી, પરંતુ વિકસિત દશામાં મજબૂત સૃષ્ટિ રચનાની મહાન શક્તિ ધરાવનારી કાઠિયાવાડી પ્રજાનો અંશ તેમના આત્મામાં પ્રવિષ્ટ થયેલો હતો

સ્વામી દયાનંદના જીવને મારા મનપર જે છાપ પાડી છે તેનું યથાવત્ વર્ણન કરવાને અને આ મારી ભાવનાઓ મારામાં કેમ ઉત્પન્ન થઇ તેનું મારા મનમાં સમાધાન કરવાને હું જ્યારે પ્રવૃત્ત થાઉંછું ત્યારે પ્રથમ તો મને આ માણસના જીવનના એવા બે મહાન આગળ પડતા ગુણો જણાય છે, કે જે તેને તેના સમકાલીન વિદ્વાનો તથા સાથીઓથી જુદો પાડે છે ઇતર મહાન ભારતવાસીઓએ આપણી પ્રજાના માનસ સ્વરૂપમાં પોતાની જાતને મેળવી દઇને આધુનિક ભારત બનાવવામાં સાહાય્ય કરી છે. ભવિષ્યમાં એક દિવસ નિશ્ચિતસ્વરૂપ ધારણ કરનાર—અને નિસર્ગ દેવતાના એક મહાન યથાવત્ અવતાર

સ્વરૂપે દર્શન આપનાર,—પરતુ વર્તમાનકાળમાં પ્રવાહમાં તણાતા અને અનિશ્ચિત —જનસમુદાયના આધ્યાત્મિક સ્વરૂપમા ઉક્ત મહાન ભારતવાસીઓએ પોતાની જાતને પિંગળાવી દીધી છે તેમણે લોકસમુદાયમા એક પ્રકારના ખમીર તરીકે પ્રવેશ કર્યો છે અને આકાર રહિત ચળવળ ઉત્પન્ન કરી છે, જો કે એક દિવસ તેમાથી આકારની રચના અવશ્ય થશે આપણે તેમનુ ભારતવર્ષના આત્મામા વસતા મહાત્માઓ અને મહા પ્રભાવશાલી વિભૂતિઓ તરીકે સ્મરણ કરીએ છીએ. તેઓ આપણામા અતર્ભૂત છે અને તેમના વિના આપણે આપણા માપ્રત સ્વરૂપને પ્રાપ્ત થયા નહોત. પરતુ "આનો ઉદ્દેશ તો આજ હતો, અને આનુ સ્વરૂપ તો આજ હતુ' એમ ચોક્કસપણે આપણે તેમના વિષે બોલી શકતા નથ'

જે સમયમા વિસ્તૃત અને ગુચવણ ભરેલુ સ્વરૂપ રચાતું હોય તે સમયમા આવા વિલક્ષણ પ્રકારના કાર્યની ઘણી આવશ્યકતા પડે છે અને આ પ્રકારના કાર્યના કેવલ આદર્શ તરીકે મારા મનમા મહાદેવ ગોવિંદ રાનડેનું દૃષ્ટાત આવીને ઉભુ રહે છે. જો કોક વિદેશી આપણને એવો પ્રશ્ન કરે કે "આ મરાઠા અર્થશાસ્ત્રી, સુધારક, અને સ્વદેશ ભક્તે એવુ કયુ ચોકસ કામ કર્યું છે કે તમે તેને તમારા નામ

સ્મરણમા આટલુ ઉચ્ચ સ્થાન આપોછો ?" તો અપણને ઉત્તર આપવો જરા કઠિન લાગે ખરો ઉક્ત પ્રશ્નનો ઉત્તર આપતાં આપણે પુષ્કળ માણસોની જે પ્રવૃત્તિઓમા તેનો આત્મા અને તેના વિચારો આકાર ગ્રહિત આકાર ઘડનાર તરિકે વિદ્યમાન હતા તે તરફ અને તેના આત્માનો અંશ મેળવનાર આજના મહાન ચળવળકારો તરફ અગુલિ નિર્દેશ કરવો પડે. અને અંતે આપણે "મહાદેવ ગોવિદ રાનડે વિના સાપ્રત મહારાષ્ટ્રની શી સ્થિતિ હોત અને મહારાષ્ટ્ર વિના સાપ્રત ભારતવર્ષની શી દશા હોત ? " એવો સામો પ્રશ્ન પૂછીને તેનો ઉત્તર આપવો પડે. પરતુ વધારે સ્પષ્ટ કાર્ય કરનાર માણસો પણ મને પ્રધાનત. આજ પક્તિના લાગે છે. સ્વામી વિવેકાનદ એક બળવાન પુરૂષ હતા, પુરૂષસિહ હતા; પરતુ તેમના બળ અને સામર્થ્યની આપણા મન પર જે છાપ પડે છે તેના પ્રમાણમા તેઓ પોતાની પાછળ નિશ્ચિત કામ મકી ગયા નથી તેમના કાર્યની પ્રચડ અસર થતી હજી પણ આપણ જોઇએ છીએ, જો કે તે કેવી રીતે અને ક્યા થાય છે તે બરાબર આપણા લક્ષ્યમા આવતુ નથી, આપણે માત્ર એટલુજ જાણીએ છીએ કે તે કોક અમૂર્ત રૂપે થાય છે અને કહીએ છીએ કે "જુઓ સ્વામી વિવેકાનદ પોતાની માતાના અને તેના સતાનોના આત્મા અદ્યાપિ જીવત છે" અને આવોજ પ્રકાર

ઇતર સર્વ મહાત્માઓનો છે. આ મહાત્માઓ તેમની કૃતિ કરતા મોટા છે એટલુજ નહિ, પરતુ તેમના કાર્યની અસર એટલી બધી વિસ્તૃત અને અમૂર્ત છે કે તેને કોઇ પણ મૂર્ત કાર્યની સાથે સબંધ નથી.

પરતુ સ્વામી દયાનદની કાર્યપ્રણાલી આથી અત્યત ભિન્ન હતી તેમણે અમૂર્ત કાર્યમા અનિયમિત રીતે ભાગ લીધો નથી, પરતુ તેમણે પોતાના કાર્યને અચળ મૂર્ત સ્વરૂપ આપ્યુ છે તેમના મૂર્ત કાર્યો તેમના અધ્યાત્મ દેહના સુદર, સશક્ત, અને બળવાન સતાનો છે. તે કાર્યોમાં તેમના કર્તાની તાદૃશ્ય મૂર્તિજ આપણને પ્રતીત થાય છે. આ સસારમા પોતે શા માટે અવતાર ધારણ કર્યો છે તે તેઓ નિશ્ચિત રીતે અને સ્પષ્ટ રીતે જાણતા હતા આવા સ્પષ્ટ જ્ઞાનથી તેમણે પોતાના સાધનો પસદ કર્યા, દિવ્ય દૃષ્ટિથી તપાસ કરી પોતાની સ્થિતિ નિશ્ચિત કરી અને પ્રાસાદિક કર્મયોગીના પૂર્ણ સામર્થ્યથી પોતાનો ઉદ્દેશ સિદ્ધ કર્યો. પ્રભુના કલાભવનના આ મહાન કલાવિધાયકની મૂર્તિનુ હુ જ્યારે સ્મરણ કરૂછુ ત્યારે મારા મનમા યુદ્ધ અને કર્મ પરાક્રમી ઉદ્યોગ અને વિજય દુદુભિની પ્રતિમાઓ ખડી થાય છે. આ સમયે હુ મારા મનમા કહું છુ કે "ખરેખર જો તારે કોઈ પ્રકાશ ફેલાવનારો યોદ્ધો, દિગ્વિજય કરનાર

સુભટ, મનુષ્યો અને સંસ્થાઓને ઘડનારો શિલ્પી અને ચેતનના માર્ગમા જડ વસ્તુઓએ ઉભી કરેલી મુસ્કેલીઓને જીતી લેનારો વીર અને બળવાન વિજેતા જોવો હોય તો તે આ રહ્યો.” અને આ સર્વની સામટી અસર મારા હૃદયપર એ થાય છે કે મને અધ્યાત્મજ્ઞાન અને વ્યવહારકુશલતાનો સુદૃઢ યોગ થયેલો જણાય છે આપણે સાધારણ રીતે ઉપરોક્ત ઉભય શબ્દોને એક બીજાના શત્રુ માનીએ છીએ પરતુ એ ઉભયનો યોગ કરાવી આપવો એજ સ્વામી દયાનદનુ જીવનકાર્ય હતું એમ મને તો જણાય છે.

સ્વામીજીએ કયા વિશિષ્ટ પ્રકારનુ કામ કર્યું એ વાત આપણે છોડી દઇએ, તો પણ તેમણે ઉપરોક્ત ઉદ્દેશથી કામ કર્યું, અને ઉપરોક્ત પરિણામ ઉપજાવ્યુ, એટલાથીજ તેમને આપણા મહાન્ આધાર સ્તભોમાં અનન્ય સ્થાન પ્રાપ્ત થાય છે. તેમણે આપણા પ્રજાકીય ચારિત્ર્યમા પ્રાચીન આર્યતત્વ પુન દાખલ કર્યું છે. અન્ય મહાત્માઓ અને સ્વામીજીની વચ્ચે મને જે ભેદો જણાય છે તેમાનો બીજો ભેદ ઉપરોક્ત તત્વ છે અને તેજ પ્રથમ ભેદની ચાવી છે. આપણે જગનના પ્રવાહમા તણાઇએ છીએ, આપણે તે પ્રવાહને આપણામાં પ્રવેશ કરવા અને ફાવે તેવો ફેરફાર કરવા દઇએ છીએ. આથી આપણે ચોક્કસ કાર્ય ઘણુંજ થોડુ કરી શ-

કરીએ છીએ, આપણા કાર્યો અનિશ્ચિત હોય છે, આપણે સયોગો અને પરિસ્થિતિને અનુકૂલ બનીએ છીએ. આપણને જ્યારે સયોગોની સામે થવાની ફરજ પડે છે ત્યારે પણ વાસ્તવમા તો આપણે પ્રવાહી અને સમયાનુકૂલ વર્તનારાજ હોઇએ છીએ. પરતુ સ્વામી દયાનદે તો જે પ્રવાહ પોતાનામાં પ્રવેશ્યો તેને પકડી લીધો, તેને જાળવી રાખ્યો, જે સ્વરૂપ પોતાને સત્ય લાગ્યુ તે સ્વરૂપમા તેને ઘડયો અને તેને તે સત્ય સ્વરૂપમાં પુન બહાર કાઢયો. તેમનામા આપણને જે કાંઇ શૌર્ય અને આક્રમણવૃત્તિ જણાય છે તે તેમના સામર્થ્ય અને આત્મપ્રતીતિનો અશ હતો.

તેમણે પ્રકૃતિને સ્વરૂપ ઘડવામા સાહાય્ય કરી હતી એટલુજ નહિ, પરતુ સ્વરૂપ ઘડવામા પ્રકૃતિને સાધન તરિકે વાપરવાનો પોતાનો હક અને શક્તિ પણ સિદ્ધ કરી હતી. આપણામા અપૂર્ણ પૌરૂષ અને અપૂર્ણ કર્તૃત્વ શક્તિ રહેલી છે તો પણ હજી આપણે તેમના આત્માનો પોકાર સાભળીએ છીએ તેમનો પોકાર આ છે –"હે ભારતવાસીઓ! અનંતમાલીન થઈ જઈ માત્ર આભાસરૂપે વિકાસ પામીને સંતુષ્ટ થશોમા, પરતુ તમને કેવા બનાવવાનો ઇશ્વરનો હેતુ છે તે તમે સમજો અને તેની પ્રેરણાથી તમારે કેટલો વિકાસ પ્રાપ્ત કરવો છે તેનો નિશ્ચય કરો. પછી તમારા ઇષ્ટ સ્વરૂપને પ્રાપ્ત

થાઓ. જ્ઞાનયોગી થાઓ, પરંતુ તેની સાથે કર્મયોગી પણ થાઓ. અધ્યાત્મજ્ઞાની થાઓ, પરતુ તેની સાથે પૌરૂષ પણ પ્રાપ્ત કરો પ્રભુના સેવક બનો, પરંતુ તેની સાથે પ્રકૃતિના સ્વામી પણ બનો." અને તેઓ સ્વયં એ સ્વરૂપને પ્રાપ્ત પણ થયા હતા તેમના અંતરમા પ્રભુનો વાસ હતો, તેમની દષ્ટિમાં આદર્શ સ્થિત હતો અને તે આદર્શ અનુસાર જીવન ઘડવાની તેમના હાથમા શક્તિ હતી તેઓ વજ્ર સમાન હતા અને તેમણે પ્રચડ પ્રહારો કરીને પાષાણમાથી પોતાનાં ઇષ્ટ સ્વરૂપો ઘડયા હતા

દયાનદના જીવનમાં હમેશા આપણને આ સૂક્ષ્મ (આત્મા) અને સ્થૂલ (જગત્) ની યુગ્મમૂર્તિનુ દર્શન થાય છે તેમના કાર્યપર સ્થલે સ્થલે અત સામર્થ્ય અને અટલ નિશ્ચયની છાપ પડી રહેલી છે પાછા એકદમ ભારતીય જીવનપ્રણાલી અને આર્યસસ્કૃતિના મૂળની પાસે દોડી જવુ અને તેના મૂળ જન્મના પુષ્પમાથી તેના નૈસર્ગિક પુનર્જન્મનુ બીજ પ્રાપ્ત કરવુ એ કેવી દિવ્ય અને ચાણાક્ષ દષ્ટિનુ કાર્ય હતુ, તેનો આપજ વિચાર કરી લો જે ધર્મશાસ્ત્રને અજ્ઞાન માણસોએ કરેલા ભાષ્યથી વિકૃત સ્વરૂપ પ્રાપ્ત થયુ હતુ અને જેનું સત્ય સ્વરૂપ આવૃત્ત થઇ ગયુ હતું અને લોકો જેને જંગલી લોકોના પ્રાચીન જગલી લેખ

તરિકે માનતા હતા તેનો અભ્યાસ કરી તેમા સચ્છાસ્ત્રનું દર્શન કરવુ, આ દેશના લોકોને એક પ્રજા બનાવનાર આપણા પૂર્વજોના ગભીર અને બળવાન આત્માનું દર્શન કરવુ, જ્ઞાન, ભકિત અને કર્મના ગહન સિદ્ધાતોનું દર્શન કરવુ, એ કાઇ જેવા તેવા હિમ્મતવાન વિદ્વાનનુ કામ નથી. સ્વામી દયાનદના પ્રભાવશાલી અને અપૂર્વ ભાષ્યને વેદના સત્ય ભાષ્ય તરિકે ઘણા લોકો સ્વીકારશે કે નહિ તે હુ જાણતો નથી મારો પોતાનો અગત અભિપ્રાય તો એવો છે કે આ ગભીર અને આશ્ચર્યકારક ધર્મશાસ્ત્રના ઇતર અગો પરિસ્ફુટ કરવાને માટે એકાદ બીજા સારા ગ્રથની હજી આવશ્યકતા છે પરતુ તેની કાઈ ચિતા નહિ મુખ્ય વાત એ છે કે સ્વામીજીએ માત્ર વેદનેજ ભારતવર્ષના મૂળ પાયા તરિકે ગ્રહણ કર્યા અને તેમા તેમણે પોતાની ઉડી દૃષ્ટિથી જે જોયુ તે પર તરૂણોના સમગ્ર શિક્ષણની, મનુષ્યોના સમગ્ર શિક્ષણની અને આખી પ્રજાના સમગ્ર શિક્ષણની ઇમારત બાધવાનો હિમ્મત ભરેલો વિચાર કર્યો પેલા બીજા મહાત્મા અને મહાન કર્મયોગી રામ મોહન રાય કે જેમણે બગલાને પકડીને હલાવ્યો અને નદીઓ તથા ભાતના કયારાઓની સોડમા સૂતેલા તે દેશને તેની દીર્ઘકાલીન આલસ્યમય નિદ્રામાંથી જાગૃત કર્યો—અને તેના કેવા મહાન પરિણામો આવ્યા તે આપણે જોયુ છે—

તેઓ માત્ર ઉપનિષદ્ આગળ આવીનેજ થોભી ગયા. પરતુ સ્વામી દયાનદે તેથી દૂર દૃષ્ટિ ફેંકી અને જોયુ કે આપણુ ખરૂ મૂળબીજતો વેદમા રહેલુ છે. તેમનામા રાષ્ટ્રભાવના હતી અને તેને તેજસ્વી બનાવવાની ભાવનાને સસ્થાનુ સ્વરૂપ આપવાની તેમનામા શક્તિ પણ હતી એટલા માટે જે કાર્યો તેમના બોધથી પ્રેરિત થયા છે તે પુરાણમતથી ગમે તેટલા વિરુદ્ધ હોય તોપણ તે રાષ્ટ્રીય ભાવનાથી અવશ્યમેવ પરિપૂર્ણ છે.

રાષ્ટ્રીય થવુ એનો અર્થ કાઇ એવો થતો નથી કે બિલકુલ પ્રગતિજ ન કરવી પ્રાચીનકાળના ઉત્તમ બોધને ગ્રહણ કરી વર્તમાનકાળમા તેનો વ્યવહારમા ઉપયોગ કરવો એ વસ્તુત પુનરુજજીવન અને નવજીવનનુ સૌથી પ્રબલ સાધન છે સ્વામી દયાનદનું કામ અર્વાચીન સ્વરૂપને તેજસ્વી બનાવવાને માટે પ્રાચીનકાળના આ સિદ્ધાન્ત અને આત્માને પુનઃ સ્થાપિત કરે છે. પ્રાચીન સમયનુ શુદ્ધબળ મૂળ શક્તિ, મૂળ સિદ્ધાત, તથા અનંત અને ક્ષણે ક્ષણે નવીન થવાની શક્તિ તેમના કાર્યમા તથા તેમના જીવનમા પ્રસરેલી જણાય છે

તેમના કાર્યમા તથા તેમના જીવનમા આપણને તે નૈસર્ગિક નિશ્ચિત પરિશ્રમ અને પ્રબલ રચનાની શક્તિનુ

દર્શન થાય છે કે જે હાર્દિક સ્પષ્ટ સિદ્ધાંત, સત્ય અને સહૃદ-
તામાંથી જન્મે છે. મનમા સ્પષ્ટ રીતે સમજવુ, પોતે સપૂર્ણ
સત્ય અને સ્પષ્ટતા ધારણ કરી અન્યની સાથે તેવુજ વર્તન
કરવુ, અને હુ આ સ્થિતિમા તથા આ સાધનોથી કામ
કરવા માગુ છુ એમ પૂણ પ્રમાણિકતાપૂર્વક જણાવવુ. એ
આપણા સકુચિત, ભ્રમિત અને ચચલ ચિત્તના જનસમુદાયમા
એક વિરલ બક્ષિસજ છે આ એ આર્ય ઉપદેષ્ટાનો
આત્મા છે અને એજ મહાન વિજયની દૃઢ ચાવી છે કા-
રણ કે પ્રકૃતિ સ્પષ્ટ, પ્રમાણિક અને વિશિષ્ટ કાર્યને ઓળખે
છે અને વિવેક તથા આગ્રહપૂર્વક તેનુ ફળ આપે છે,
અને ગુરુનો આત્મા તેમના શિષ્યોમા ઉતરે એ સદ્ભાગ્યનુ
લક્ષણ છે. આથી કોઈ પણ કામ આવશ્યક અને યોગ્ય
લાગે તો તરત માણસો અને સાધનો મળી આવે અને
તે કાર્ય અવશ્યમેવ પાર પડે આર્યાવર્તમા કોઈપણ સ્થળે
આમ બને એ આપણું અહોભાગ્ય છે

સત્ય એ સરલ જણાય છે, તો પણ તેનુ પાલન કરવુ
સૌથી વિશેષ કઠિન છે મન, વાચા અને કર્મથા સત્યનુંજ
પાલન કરવુ જોઇએ એ વાતને વેદમાં સૌથી વિશે મહત્વ
આપેલુ છે વાણી અને કર્મમા દૃઢ ન્યાય બુદ્ધિ, નિષ્કપટતા,
અને સ્પષ્ટતા, એજ પ્રાચીન આર્યનીતિનુ સૂત્ર હતુ એજ

શુદ્ધતા અને પવિત્રતાની ચાવી છે અને મનુષ્ય પોતાના મૂળ સ્વરૂપથી ઘણે દૂર ગયો નથી એ વાતનુ સૂચક છે. મનુષ્ય એ દેવપુત્ર છે એ વાત એના દ્વારા સિદ્ધ થાય છે. શ્રીમદ્-દયાનદસરસ્વતી પોતાની પાછળ એજ ચિન્હ મુકતા ગયા છે અને એજ ચિન્હથી અમુક કાર્યના પિતા તેઓ છે એમ ઓળખાશે અને તેમનો શુદ્ધ, પવિત્ર, અને અમિશ્રિત આ. ત્મા આર્યાવર્તની ભૂમીમા પ્રવર્તે અને આપણને જેની ખાસ જરૂર છે એવી શુદ્ધતા, પૂર્ણ સ્પષ્ટના, ઉંડી દૃષ્ટિ, સમન ભુજા અને ઉચ્ચ તથા પ્રબલ નિષ્કપટતા આપણને પુન અર્પણ કરે એવી પ્રભુપ્રત્યે અભ્યર્થના છે.

સમાપ્ત.

# આર્ય સમાજના નિયમ.

૧ સર્વ સત્યવિદ્યા, અને જે પદાર્થ વિદ્યાથી જણાય છે, તે સર્વ આદિ મૂળ પરમેશ્વર છે.

૨ ઇશ્વર સચ્ચિદાનન્દ સ્વરૂપ, નિરાકાર, સર્વ શક્તિમાન્, ન્યાયકારી, દયાળુ, અજન્મા, અનન્ત, નિર્વિકાર, અનાદિ, અનુપમ, સર્વાધાર, સર્વેશ્વર, સર્વવ્યાપક, સર્વાન્તર્યામી, અજર અમર, અભય, નિત્ય પવિત્ર અને સૃષ્ટિકર્ત્તા છે, એનીજ ઉપાસના કરવી યોગ્ય છે.

૩. વેદ સત્યવિદ્યાઓના પુસ્તક છે, વેદનું ભણવું, ભણાવવું અને સાભળવુ, સભળાવવુ સર્વ આર્યોનો પરમ ધર્મ છે.

૪ સત્ય ગ્રહણ કરવામા, અને અસત્ય છોડવામા સર્વદા ઉદ્યત રહેવુ જોઇએ

૫ સર્વ કામ ધર્માનુસાર અર્થાત્ સત્ય અને અસત્યનો વિચાર કરીને કરવુ જોઇએ.

૬ સંસારનો ઉપકાર કરવો આ સમાજનો મુખ્ય ઉદ્દેશ છે, અર્થાત શારીરિક, આત્મિક અને સામાજીક ઉન્નતિ કરવી

૭ સર્વ સાથે પ્રીતિપૂર્વક, ધર્માનુસાર, યથાયોગ્ય વર્તવુ જોઇએ.

૮ અવિદ્યાનો નાશ અને વિદ્યાની વૃદ્ધિ કરવી જોઇએ.

૯ પ્રત્યેક પોતાની ઉન્નતિમાં સંતુષ્ટ ન રહેવું જોઇએ, કિંતુ સર્વની ઉન્નતિમા પોતાની ઉન્નતિ સમજવી જોઇએ

૧૦ સર્વ મનુષ્યોએ સામાજીક સર્વ હિતકારી નિયમ પાળવામા પરતત્ર રહેવુ જોઇએ, અને પ્રત્યેક હિતકારી નિયમમા સર્વ સ્વતત્ર રહે.